- **નુકસાન :** પ્રશ્નાવલીનો કે ઉત્તરદાતાઓ સાચું ન કહે તો માહિતી અચૌકકસ બની શકે છે.

**૨. ઈન્ટરવ્યું પદ્ધતિ :**

- શિક્ષકો સાથે વ્યકિતગત વાતચીત કરે છે. ખુલ્લી ચર્ચા બને છે. ખર્ચ ઓછો આવે.
- શિક્ષક વલણ, વિચારો અને અનુભવો વિશે ઊડાણપૂર્વક માહિતી મળે છે.
- અભ્યાસ વધુ જીવંત બને છે.
- **નુકસાન :** સમય ખાઉ પધ્ધતિ છે.ઇન્ટરવ્યુની પૂર્વગ્રહતા પરિણામને અસર કરી શકે છે.

**સંશોધનનું સાચું ધ્યેય પરિવર્તન લાવવાનું છે. ફક્ત માહિતી ભેગી કરવાનું નથી.**

**૩. અવલોકન પદ્ધતિ :** શાળાની સંપત્તિનું સીધું જ નિરીક્ષણ થાય છે. શિક્ષકોની જાળવણી સંબધિત પ્રવૃતિઓને જોઇને નોંધ કરી શકાય છે.

- **ફાયદા :** વાસ્તવિક પરિસ્થિતિની માહિતી મળે છે. દષ્ટિગત પુરાવા સીધા જ આવી જાય છે. જવાબદારીની હકીકત બહાર આવે છે.
- **નુકસાન** : અવલોક ન કરતી વખતે શિક્ષકો સ્વાભાવિક વર્તન ન કરે. અવલોકન કર્તાની વ્યકિતગત દૃષ્ટિથી ભ્રમ સર્જાઇ શકે.

➢ **સંશોધન પ્રકિયાનું વર્ણન :** સંશોધન સમસ્યાની પસંદગીઃ શાળાની ભૌતિક સંપત્તિની સાચવણી અને જાળવણીમાં શિક્ષકનું યોગદાન કેટલું છે.?

**સંશોધનના હેતુઓ : (૧)** શિક્ષકોના વલણ અને જવાબદારી અંગે માહિતી મેળવવી. (૨) શિક્ષક કઇ રીતથી સંપત્તિની જાળવણીમાં સહભાગી બને તે જાણવું. (૩) શાળા સ્તરે કઇ મુશ્કેલી ઓ આવે છે અને ઉકેલ શું હોઇ શકે તે શોધવું

**૧) પૂરક તરીકે ઇન્ટરવ્યું અને અવલોકન પધ્ધતિનો ઉપયોગ લઇ શકાય છે.**

➢ **કસોટી દ્વારા ચકાસણી :** ૧૦ થી ૨૫ શિક્ષક, આચાર્ય પર પ્રશ્નાવલિ આપીને તેનું પરિક્ષણ કર્યુ.

સંશોધનના હેતુઓ સ્પષ્ટ કર્યો, કયા સાધન પધ્ધતિ ઉપયોગ કરવાનું નક્કી કરવું.

ઉદા. : - અતિમહત્વનું/મહત્વનુ માને છે/ નથી માનતું/જવાબદારીઓ આપવામાંઆવે છે/નથી આપવામાં અવાતી.

- ત્યારબાદ વિશ્લેષણ તૈયાર કર્યુ.

➢ **માહિતીનું પૃથક્કરણ વર્ણન :** (૧) એકત્રિત કરેલી માહિતીનો પ્રયત્ન ગોઠવણ તબક્કો.

૧) **પ્રશ્નાવલિ/ઇન્ટરવ્યુમાંથી મળેલા કાચા આંકડાઓનો અલગ અલગ જૂથોમાં ગોઠવવામાં આવ્યાં.**

ઉદાહરણ : ૧) શિક્ષક સંપત્તિને કેટલું મહત્ત્વ આપે છે.? અત્યંત મહત્વપૂર્ણ/ મહત્વપૂર્ણ/ ઓછુ મહત્વ/ મહત્ત્વ નથી,

૨) આંકડાકીય પૃથક્કરણ : ૧) એકત્રીત માહિતીમાંથી સંખ્યાત્મક ગોઠવણ કરી.

ઉદાહરણઃ- કેટલા ટકા શિક્ષકો સંપતિની જાળવણીને મહત્વપૂર્ણ માને છે.?

ઉદાઃ (૧) સંપત્તિ જાળવણીમાં મુશ્કેલીઓ, (૨) બજેટનો અભાવના, (૩) નિયમોની અછત, (૪) શિક્ષકોની બેદરકારી

**૧. પરિણામો વર્ણન :** ઉદાહરણ રૂપ પરિણામો. (૧) શાળાની સંપતિ જાળવવામાં મુખ્ય મુશ્કેલીઓઃ-

✓ બજેટનો અભાવ નહિવત પણ જગ્યાનો અભાવ.(૨) નિયમિત મરામત વ્યવસ્થાનો અભાવ. (૩) વિદ્યાર્થીઓની બેદરકારી

✓ કબાટોનો અભાવ પણ જોવા મળ્યો દસ્તાવેજી પૂરાવા સાચવવા માટે કબાટો પૂરતા પ્રમાણમાં જોઇએ.

✓ શિક્ષક માને છે કે વિદ્યાર્થીઓએ વધુ પ્રમાણમાં જવાબદારી આપીને જોડવાથી સંપતિ જાળવણીમાં સહાય થશે.

**૧. તારણો :** (૧) શિક્ષકોનું વલણ : મોટાભાગના શિક્ષકો શાળાની ભૌતિક સંપત્તિને અત્યંત મહત્વપૂર્ણ માને છે.

**૨. શિક્ષકોનું યોગદાન :** શિક્ષકો સંપત્તિની સાચવણી માટે મુખ્યત્વે વિદ્યાર્થીઓને સમજાવે છે. નિયમિત દેખરેખ રાખે છે. અને નુકશાન થવા પણ જાણ કરે છે.

**૩. વ્યવસ્થાપન સ્થિતિ :** સંપત્તિની જવાબદારી દરેક શિક્ષકને સમાન રીતે સોંપવામાં અવાતી નથી.

**મુશ્કેલીઓ :** ૧) બજેટના અભાવ સાથે જગ્યાનો અભાવ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. (૨) નિયમિત મરામત સુવિધાનો અભાવ. (૩) વિદ્યાર્થીઓની બેદરકારી (૪) શિક્ષકોની બેદરકારી

➢ **અવલોકન પધ્ધતિના ફાયદા :** (૧) માહિતી સીધી અને પ્રામાણિક મળે છે. (૨) વર્તન અને પરિસ્થિતિનું જીવંત ચિત્ર મળે છે.